અપીલ અરજી નં.૪૧૧ તા.૨૩–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૧–૨–૧૧ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતના માલીકે મંજુર પ્લાન કરતા વધારાનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ તે બાબતે સુ.મ.પા. ને તા.૧૭–૫–૧૦ ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબંધિત વિભાગના અધિકારીએ સ્થળ તપાસ કરી ૪/૩૬૦ વાળી મિલ્કતના માલીકને ગેરકાયદેસર બાંધકામ કરવા બાબતે **BPMC** એકટ કલમ ૨૬૦(૧) (૨) મુજબની નોટીસ આપવામાં આવેલ છે કે કેમ? તેની રેકોડ મેન્યુલ આધારીત માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૧/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૧–૨–૧૧ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતન માલીકે મંજુર પ્લાન કરતા વધારાનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ તે બાબતે સુ.મ.પા.ને તા.૧૭–૫–૧૦ ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ આ અરજી બાબતે સંબંધિત વિભાગના અધિકારીએ સ્થળ તપાસ કરી ૪/૩૬૦ વાળી મિલ્કતના માલીકને ગેરકાયદેસર બાંધકામ કરવા બાબતે **BPMC** એકટ કલમ ૨૬૦(૧) (૨) મુજબની નોટીસ આપવામાં આવેલ છે કે કેમ? તેની રેકોર્ડ મેન્યુલ આધારીત માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.ન /૧૮૫૦ તા.૧૮–૩–૧૧ થી આપેલ માહિતી ખોટી તેમજ છુપાવવામાં આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૯૫ તા.૨૮–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં ખોટી માહિતિના દાવાના સમર્થનમાં તેઓની કક્ષાએ કોઈ આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૬૮ તા.૧૫–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૫૦ તા.૧૮–૩–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧–૪–૧૧ ના પત્રથી અપીલના આધાર તરીકે સે.ઝોન/ આ.નં.૧૭૯ તા.૭–૧૨–૦૧ના રોજ આપેલ રજાચિઠ્ઠીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૩૩ તા.૨૧–૪–૦૬ ના પત્રની નકલ, પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૯૨૧ તા.૨૮–૧–૦૮ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૧–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૮૫૦ તા.૧૮–૩–૧૧ થી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં આપશ્રીની માંગ્યા મુજબની નોટીસ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલના આધાર તરીકે (૧) મે જે માહિતી માંગેલ અને જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવેલ છે તે ખોટી છે તેમજ માહિતી છુપાવવામાં આવેલ છે. (૨) આરટીઆઈ એકટ–૨૦૦૫ ની જોગવાઈઓના ભંગ સબબ કાનૂની હુકમ કરશો અને નિયમ અનુસાર માહિતી અપાવશો. (૩) ૪/૩૬૦ વાળી મિલ્કતમાં નવી મિલ્કતનું બાંધકામ કરવા માટે સુમપા તરફથી ગ્રા.ફલોર + બે માળના બાંધકામ કરવા માટે સુમપા તરફથી આપવામાં આવેલ રજાચિઠ્ઠીની નકલ સામેલ કરેલ છે તેમજ આસી. કમિ. અને જાહેર માહિતી અધિકારી તરફથી જે જાણકારી મને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૩ તા.૨૧–૪–૦૬ થી મળેલ જાણકારી પત્ર સામેલ તેમજ આસી. કમિ. અને જાહેર માહિતી અધિકારી તરફથી જે જાણકારી મને સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૯૨૧ તા.૨૮–૧–૦૮ ના પત્રમાં જણાવવામાં આવેલ છે કે ૪/૩૬૦ વાળી મિલ્કતના માલિકે મંજુર પ્લાન કરતાં વધારાનું બાંધકામ કરવામાં આવેલ છે તેવું જણાવેલ તો પછી શા માટે જાહેર માહિતી અધિકારી ખોટું જણાવે છે કે રેકર્ડ ઉપલબ્ધ નથી. આ સાથે મે રજૂ કરેલ પુરાવા સુમપા તરફથી જ મળેલ છે. તેમ છતાં ખોટી માહિતી આપવામાં આવેલ છે. (૪) આમ સુમપા તરફથી જે પુરાવા મને મળેલ જે રજૂ કરેલ જે ધ્યાનમાં લેવામાં

આવે તો ૪/૩૬૦ વાળી મિલ્કતના માલિકે જે મંજુર પ્લાન કરતાં વધારાનું બાંધકામ કરેલ તેને સુમપાના શહેર વિકાસ વિભાગે બીપીએમસી એક્ટ–૨૬૦(૧)(૨) મુજબ નોટીસ આપવાની જવાબદારી સુમપાની આવે છે જે ધ્યાનમાં લેવું તેવું જણાવેલ છે. જયારે અરજદારને ખોટી માહિતીના દાવા આધાર માટે લખેલ પત્રના અનુસંધાને તેઓ તરફથી રજૂ કરેલ આધાર સાથે ઉપરોકત પુરાવા ધ્યાનમાં લઈ ૪/૩૬૦ વાળી મિલ્કતના માલિકે જે પ્લાન મંજુર કરાવેલ જેમાં ગ્રા.ફ. આખું પાર્કીંગ + બે માળનું બિલ્ડીંગ બનાવવાની મંજુરી આપેલ જેના કરતાં વધારાનું સ્થળ પર બાંધકામ કરેલ, સ્થળ પર ગ્રા.ફ.+ સાડા ત્રણ માળનું બાંધકામ કરેલ છે જે ધ્યાનમાં લેવું તેમ જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારીએ "નોટીસ આપવામાં આવેલ છે કે કેમ? તેવી માહિતીના અનુસંધાને " નોટીસ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી" તેવું જણાવેલ છે. તેનો અર્થ નોટીસ આપેલ હોય અને ઉપલબ્ધ ન હોય અથવા આપેલ ન પણ હોઈ બંનેમાંથી કોઈ પણ હોઈ શકે. તેથી અરજદારને માહિતી સ્પષ્ટ આપેલ ન હોવાનું તેટલે અંશે સ્પષ્ટ થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બાબત હેઠળની મિલ્કતને ૨૬૦(૧) હેઠળ કોઈ નોટીસ આપવામાં આવે છે કે કેમ? તે અંગેની દફતરી હકીકતલક્ષી સ્પષ્ટ માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,